# ગાંધીનગરાઓ રોજનો પાંચ લાખનો આઈસક્રીમ ખાય છે

**ગરમી વધતા આઈસક્રીમના વેચાણમાં ૩૦ ટકા સુધીનો વધારો**
**ઉનાળાના બે ત્રણ મહિના દરમિયાન ગાંધીનગરમાં દરરોજનો પાંચ થી સાડા પાંચ લાખનો આઈસક્રીમ ખવાય છે**



ગાંધીનગર, તા.૧૧

ઉનાળાની આકરી ગરમીથી રાહત મેળવવા માટે લોકો આઈસક્રીમ, ઠંડા પીણા અને બરફગોળા તરફ વળ્યા છે. ગરમી વધતા આઈસક્રીમના વેચાણમાં ભારે ઉછાળો આવ્યો છે. સામાન્ય દિવસો કરતાં અત્યારે આઈસક્રીમનું વેચાણ ૨૫થી ૩૦ ટકા જેટલું વધ્યું છે.

તન-મનને ઠંડક આપતો આઈસક્રીમ ઉનાળાની ઋતુમાં સૌને ભાવે છે. છેલ્લા કેટલાક દિવસોથી ઉનાળો આકરો બનતા સ્વાભાવિક રીતે જ આઈસક્રીમના વેચાણમાં ઉછાળો આવ્યો છે. ગરમીથી રાહત મેળવવા માટે રાત્રે આંટો મારવા નીકળતા શહેરીજનો આઈસક્રીમ ઝાપટવાનું ચુકતા નથી. છેલ્લા ત્રણ મહિનામાં આઈસક્રીમનું વેચાણ ૨૫થી ૩૦ ટકા જેટલું વધ્યું છે.

ગાંધીનગરમાં આમ તો આઈસક્રીમનો વપરાશ આખું વર્ષ રહે છે. પ્રસંગોપાત પણ શહેરમાં ખુબ આઈસક્રીમ ખવાય છે. ગાંધીનગરમાં આઈસક્રીમનો વેપાર લગભગ ૧૦ કરોડ સુધીનો થાય છે. ઉનાળા સિવાયની સિઝનમાં દરરોજ લગભગ અઢીથી ત્રણ કરોડનો આઈસક્રીમ વેચાય છે. ઉનાળો શરૂ થતાં જ ધીમે ધીમે તેનું વેચાણ વધતુ જાય છે. હાલમાં સમગ્ર શહેરમાં આઈસક્રીમનું વેચાણ પાંચથી સાડા પાંચ લાખ સુધી પહોંચ્યું છે. દસ કરોડના આઈસક્રીમના વેપારમાં ઉનાળાના બે માસમાં જ તેનું વેચાણ બે કરોડ સુધી પહોંચી જાય છે. આઈસક્રીમ બનાવતી કંપનીઓ ઉનાળાના પ્રારંભે જ નીતનવા ફલેવર બજારમાં મુકતી હોય છે જેના કારણે પણ વેચાણ વધે છે. હાલમાં શહેરમાં વાડીલાલ, હેવમોર અને અમુલનો આઈસક્રીમ સૌથી વધુ વેચાય છે. સ્થાનિક ડેરીઓના આઈસક્રીમનો ફાળો ખુબ નજીવો છે. શહેરમાં માત્ર ત્રણથી ચાર સ્થળોએ જ સ્થાનિક ડેરીઓનો આઈસક્રીમ વેચાય છે. મોટા બાગે બ્રાન્ડેડ આઈસક્રીમનું વેચાણ જ વધુ જોવા મળે છે.

# નગરમાં વેકેશન દરમ્યાન રમત પ્રવૃત્તિ પૂરજોશમાં

**કાળઝાળ ગરમીમાં વહેલીસવારે અને સમી સાંજે રમતો રમાય છે, ક્રિકેટનું ચલણ સૌથી વધારે**





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૧૧

આખા વર્ષ દરમ્યાન ભણતરના ભારથી દબાયેલા વિદ્યાર્થીઓ વેકેશનમાં હળવા મુડમાં જણાય છે. વેકેશનમાં વિવિધ રમતો પાછળ સમય ફાળવી ભરપૂર આનંદ મેળવવાની તક આ વિદ્યાર્થીઓ જતી કરતા નથી. જેના પ્રત્યાઘાત સ્વરૂપે નગરમાં આવેલા કોમન પ્લોટ, મેદાન અને બગીચા વિવિધ રમતો રમતા યુવાનોથી ભરચક લાગે છે. કાળઝાળ ગરમીમાં વહેલી સવારથી બપોર સુધી અને સાંજે અંધારૂ થાય ત્યાં સુધી રમતો રમાય છે. જેમાં ક્રિકેટ એ સૌથી વધારે રમાતી રમત હાલ દેખાઈ રહી છે. અને નગરનો સંપુર્ણ માહોલ હાલમાં રમતો પ્રત્યે રૂચિ ધરાવતો થયો હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગરની રચના મુજબ દરેક સેક્ટરમાં એક કોમન પ્લોટ કે ખાલી જગ્યા હોય છે જ. વધુમાં ઠેક ઠેકાણે રમતના મેદાન પણ ઉપલબ્ધ છે. આ તમામ સ્થળો હાલમાં રમતોની વિવિધ પ્રવૃત્તિથી હર્ષાભર્યા લાગી રહ્યા છે. વધુમાં વેકેશન હોવાથી ઘર કે શાળામાંથી કોઈ જ રોકટોક રહેતી નથી. જેથી સંપુર્ણસમય પોતાની પસંદગીના રમત પાછળ ફાળવાઈ રહ્યો છે. નગરમાં અનેક ઠેકાણે હાલ ક્રિકેટ સ્પર્ધાનું પણ આયોજન થયું છે. જેથી મોડીરાત સુધી રમતોનો માહોલ જામે છે.

ક્રિકેટ, વોલીબોલ, ટેનીસ તથા અન્ય વિવિધ રમતો રમાઈ રહી છે. જ્યારે બગીચાઓમાં વિવિધ રાઈડ્સની મઝા ભુલકાઓ લઈ રહ્યા છે. હાલ ક્રિકેટ એ સૌથી વધુ લોકપ્રિય રમત રહી છે અને આઈપીએલ પણ રમાઈ રહી છે. જેથી યુવકો ક્રિકેટને વધુ મહત્વ આપી રહ્યા છે. વેકેશન હોવાથી ક્રિકેટ અને વોલીબોલ જેવી રમતોમાં સ્પર્ધાઓ થઈ રહી છે અને હાર-જીતના સમીકરણો વચ્ચે રમત રમવાનો આનંદ મેળવાઈ રહ્યો છે. વહેલી સવારે બેટ-બોલ લઈને મેદાને ઉતરી પડતાં યુવકો કાળઝાળ ગરમીમાં સમયને વહેંચી લીધો છે. જે કારણે સવાર સાંજ દરમ્યાન નગરના તમામ મેદાનો રમતવીરોથી ભરચક લાગે છે. જો કે કોઈ જગ્યાએ ગરમીની પરવા કર્યા સિવાય પણ રમતો ચાલુ રખાય છે. જ્યારે વોલીબોલમાં જગ્યા ઓછી અને આનંદ વધારે મેળવવાના પ્રયત્નો થાય છે. તો સેક્ટરોના બગીચામાં ભુલકાઓ માટેના રાખેલા હિંચકા, લપસણી તથા અન્ય સાધનો હાલમાં વ્યસ્ત બન્યા છે. જેથી આ નજારો ભણતરમાંથી રમત તરફ જુકેલો ચોક્કસ દેખાઈ રહ્યો છે.

# સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમને ફાળવેલા મકાનો ખાલી નહીં થાય તો કોર્ટ કેસ કરાશે

**અંદાજિત ૭ હજાર મકાનો પૈકી ૧ હજાર ખાલી થયા સરકારી આવાસો મેળવવા માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી**

ગાંધીનગર,તા ૧૧

શહેરમાં સરકારી આવાસો માટે પ્રતિક્ષા યાદી દિનપ્રતિદિન મોટી થતી જાય છે. પ્રતિક્ષા યાદને ધ્યાને લઈ અગાઉ સરકાર દ્વારા સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમના કર્મચારીઓને ફાળવવામાં આવેલા આવાસો ખાલી કરી દેવા વિભાગ કક્ષાએથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી તા ૩૦ જૂન સુધીમાં શહેરમાંથી આવા તમામ આવાસો ખાલી કરી દેવાશે. જયારે હાલ અંદાજિત ૧૦૦૦ જેટલા મકાનો ખાલી કરી દેવાયા છે. આવાસો ખાલી નહી કરનાર સામે કોર્ટ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શહેરમાં અંદાજિત ૧૬૦૦૦ જેટલા સરકારી આવાસો છે. જયારે આ પૈકી મોટાભાગના આવાસો જોખમી હાલતમાં છે. આવાસોના મજબૂતીકરણની યોજના અન્વયે પણ હજુ માત્ર ૫૦ ટકા કામગીરી જ થઈ હોવાથી સરકારી આવાસોની છત સલામત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં નિકાલ હેઠળના મકાનો તોડવા ઉપરાંત આવાસ મજબુતીકરણની કામગીરી પણ ચાલી રહી છે. બીજીતરફ સરકારી આવાસો માટે કર્મચારીઓની પ્રતિક્ષાયાદી પણ મોટી છે.આવા સંજોગોમાં મકાનોના અભાવે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ પણ મુશ્કેલ બન્યું છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરના સેકટરોમાં વિવિધ સંસ્થાઓ ઉપરાંત બોર્ડ નિગમના કર્મચારીઓને ફાળવવામાં આવેલા મકાનોનો કબજો પરત લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.સુત્રોના જણાવ્યા મુજબ શહેરમાં અંદાજીત ૭૦૦૦ જેટલા મકાનો સંસ્થા તેમજ બોર્ડ નિગમના કર્મચારીઓ ઉપરાંત એરફોર્સને ફાળવવામાં આવ્યા છે. આ તમામ મકાનો ખાલી કરાવી દેવા પ્રક્રીયા શરૂ કરી દેવાઈ છે. આગામી તા ૩૦ જુન

● અનુસંધાન પાન-૭ પર

# સરકારી નોકરીના બહાને ઠગાઈ પ્રકરણમાં વધુ એકની ધરપકડ

**બે શખ્સોએ મળીને ચંદ્રાલાની પાર્ટી પાસેથી ૧.૭૫ લાખ અને નરોડાની પાર્ટી પાસેથી ૫૦ હજાર પણ ઉઘરાવ્યા હોવાની કબુલાત : રૂ. ૬૫ હજાર રીકવર**

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લા પંચાયત ક્લાર્કમાં સેટીંગ કરાવી આપવાનું કહીને ઉમેદવારો પાસેથી રૂપિયા ખંખેરતા એક શખ્સને ગાંધીનગર એલસીબીએ મીના બજારથી છટકુ ગોઠવીને પકડી પાડ્યો હતો. તેની ઊંડી પુછપરછમાં વધુ એક શખ્સ ગોવિંદ ઠાકોરનું નામ ખુલ્યુ હતુ. જેની સે. ૭ પોલીસે ધરપકડ કરી બંને આરોપીની ક્રોસ ઈન્ટ્રોગેશન કરતા અન્ય બે પાર્ટી પાસેથી પણ રૂપિયા ઉઘરાવ્યા હોવાનું ખુલ્યુ છે. જેમાં સે. ૭ પોલીસે રૂ. ૬૫ હજાર રીકવર કર્યા છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબીની ટીમે છટકુ ગોઠવીને મીના બજારમાંથી સરકારી નોકરીના

● અનુસંધાન પાન-૭ પર

# પીટીસી વાર્ષિક પરીક્ષાનો આરંભ

અમદાવાદ, તા.૧૧

આજથી ૧૦ વર્ષ પહેલા જે પીટીસી કોર્સ અને તેની ડિગ્રી મેળવવી તે આજના ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમ સમકક્ષ અનેસમાજમાં ગૌરવરૂપ ગણાતી હતી. તે પીટીસી કોર્સના સ્થાન અને દબદબાના વળતા પાણી શરૂ થઈ ચુક્યા છે. પીટીસીનો અભ્યાસક્રમ ધીરે ધીરે હાંસીયામાં ધકેલાઈ ચુક્યો છે જેના કારણે સમગ્ર રાજયમાં પીટીસીની ૧૧૦ જેટલી કોલેજમાં માંડ ૪૯૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તમામ સેલ્ફ ફાઈનાન્સ કોલેજનોને તાળા વાગી ગયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની ૧૧૦ પીટીસી કોલેજોમાં તાજેતરમાં વાર્ષિક પરીક્ષા લેવાઈ હતી. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૧ એપ્રિલથી ૧ મે દરમિયાન લેવામાં આવેલી પીટીસી કોલેજની પરીક્ષા સમાજમાં એક સમય સામાજિક પ્રતિષ્ઠાનું સિમ્બોલ બની ચુકેલા આ અભ્યાસક્રમના વળતા પાણી દર્શાવે છે. કારણ કે પીટીસીનાં પહેલા વર્ષની પરીક્ષામાં કુલ ૧૧૦ કોલેજોનાં ૨૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જ્યારે બીજા વર્ષમાં ૨૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમ રાજયની કુલ ૧૧૦ પીટીસી કોલેજોમાં અત્યારે માત્ર ૪૯૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જે દર્શાવે છે કે રાજયમાં પીટીસીનો ડીગ્રી અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ પોતાના જ અસિત્વ સામે લડાઈ કરી રહ્યા છે.

# એક વર્ષ બાદ જિલ્લા શિક્ષણતંત્રમાં શાસનાઅધિકારીની જગ્યા ભરાઈ

**સરકારી શાળાના ૭ શિક્ષકોને વર્ગ-૨ની જગ્યા પર ફરજ સોંપાઇ**

ગાંધીનગર તા ૧૧


શહેરની સરકારી હાઈસ્કુલમાં ફરજ બજાવતા ૭ શિક્ષકોને વર્ગ-૨ ની જગ્યા પર બઢતી આપવામાં આવી છે.લાંબા સમયથી આ જગ્યાઓ ખાલી હતી. જયારે શિક્ષકોને પ્રમોશન અપાતા છેલ્લા એક વર્ષથી ખાલી શાસનાધિકારીની જગ્યા ઉપર પણ નિમણુંક આપી દેવાઈ છે. શિક્ષકોની ખાલી જગ્યાઓ ટુંકમાં ભરી દેવાશે. જયારે જિલ્લા શિક્ષણતંત્રમાં પણ લાંબા સમયના અંત જરૂરી મેન પાવર ઉપલબ્ધ થશે.

શહેરની સરકારી શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકોને પ્રમોશન આપવામાં આવ્યું છે. શહેરના ૭ શિક્ષકોને અગેન પાસ્ટ પર બઢતી આપવામાં આવી છે. શિક્ષકોને વર્ગ-૨ની જગ્યા પર બઢતી અપાતા છેલ્લા એક વર્ષથી ખાલી જિલ્લા શાસનાઅધિકારીની પણ ઘટ પુરી દેવાઈ છે. જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરની વિવિધ શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને બઢતી આપવામાં આવી છે. જેમાં સે-૭ મહારાણા પ્રતાપ વિદ્યામંદિરમાં ફરજ બજાવતા પી એમ ખત્રીને શિક્ષણ નિરિક્ષક તરીકે અને એ એ દવેને શાસનાઅધિકારી તરીકે મુકાયા છે. આ ઉપરાંત સે- ૭ સરદાર પટેલ વિદ્યાલયના શિક્ષક કે એન દવે તેમજ સે-૧૨ સ્વામિ વિવેકાનંદ હાઈસ્કુલના શિક્ષકને માધ્યમિક શિક્ષણ બોર્ડમાં મદદનીશ સચિવ તરીકે બઢતી આપવામાં આવી છે. જયારે સે -૧૬ મહાત્મા વિધાલયના એ પી સોલંકીને શિક્ષણ નિરિક્ષક તરીકે અમદાવાદ ગ્રામ્યમાં ફરજ સોંપવામાં આવી છે. જયારે સે -૧૨ સરકારી શાળાના એસ જી પટેલને શિક્ષણ નિરિક્ષક તરીકે અમદાવાદ શહેરમાં ફરજ સોંપવામાં






















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com